અપીલ અરજી નં.૭૨ તા.૨૬–૬–૦૮

અરજદારઃ શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ
સામાવાળાઃડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવાઝોન

## હુકમઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલની તા.૧૩–૫–૦૮થી ટી.પી.સ્કીમ નં.૩૭ (અલથાણ) ફા.પ્લોટ નં.૮૪ " એફ" ફોર્મમાં દર્શાવ્યા મુજબના એરીયાના કબ્જાની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૬–'૦૮ ની અપીલ અરજી નં.૭૨/–૦૮–૦૯

શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલની તા.૧૩–૫–૦૮થી ટી.પી.સ્કીમ નં.૩૭ (અલથાણ) ફા.પ્લોટ નં.૮૪ " એફ" ફોર્મમાં દર્શાવ્યા મુજબના એરીયાના કબ્જાની માહિતી આપવા બાબતે અઠવાઝોન તરફથી નં.સા.વે.(અઠવા) આરટીઆઈ/આ.૫૨ તા.૨૯–૫–૦૮ ના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો આપેલ માહિતીમાં કોઈ વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૬૭ તા.૧–૭–૦૮ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સા.વે/અઠવા/આરટીઆઈ/૧૧૫ તા.૧૬–૭–૦૮ થી વિગતો મોકલેલ જેમાં અરજદારે માંગેલ માહિતી અંગે નગર નિયોજક અને સુ.મ.ન.પા કચેરી સાથે થયેલ કાર્યવાહીનો ઉલ્લેખ કરી હકીકત જણાવવામાં આવેલ છે.

અરજદાર તરફથી ટી.પી. સ્કીમ નં.૩૭ ફા.પ્લોટ નં.૮૪ ના નકશાના એફ ફોર્મમાં જણાવ્યા મુજબ એરીયા કરતાં ઓછો એરીયા અને કબ્જા અંગે રજુઆત કરેલ છે જે અંગે નગર રચના અધિકારી સાથે પત્ર વ્યવહાર ચાલે તેની નકલ પણ રજુ કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૩–૫–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી નં.સા.વે.(અઠવા) આરટીઆઈ/આ.૫૨ તા.૨૯–૫–૦૮ મ.જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ છે તેમજ એફ ફોર્મ મુજબનો કબ્જો ગુજરાત રાજય ટાઉન પ્લાનીંગ એકટની જોગવાઈઓ/ નિયમ મુજબ મુજબ ટીપી સ્કીમ ફાઈનલ થયેથી સબંધિત મિલ્કતદાર ધ્વારા કબ્જા ફેરફાર થયેથી જમીન માલિકને એફ ફોર્મ મુજબ કબ્જો સુપરત કરવામાં આવે છે. તેવું જણાવી કાર્યવાહી હેઠળ નોટીસ તેમજ નગર –રચના અધિકારી સાથેના પત્ર વ્યવહારની નકલો અરજદારને પૂરી પાડેલ જણાયેલ છે. અપીલ અરજીની તારીખ સુધીની હકીકતલક્ષી દફતરી નકલો અરજદારને પૂરી પાડેલ છે. તેમ છતાં આ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રે મોકલેલ પૂરક માહિતી અનુસારની હકીકતલક્ષી માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (સ્પે-) અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ,